Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-3,December-2017

# પંચાયતી રાજમાં મહિલાઓની રાજનૈતિક ભાગીદારી

## ડૉ. ગણેશ એસ.પ્રજાપતિ

M.Phil, Ph.D
શ્રી આર.આર.લાલન કોલેજ, ભુજ કચ્છ,
રાજ્યશાસ્ત્ર વિભાગ, મોબાઈલ- 76240 89189

મહિલાઓની રાજકિય ભાગીદારીના ક્ષેત્રે તેમની સ્થિતી કેવી છે અને ગામડાઓમાં પંચાયતી ધારાએ બક્ષેલી નવી ભૂમિકાને કારણે તેમાં પંચાયત કાયદાએ સ્ત્રીઓને માટે વધારાની કામગીરી જવાબદારી અને વધારાનુ નવું કાર્યક્ષેત્ર ઉભું કરેલુ છે. સ્ત્રીઓ ખાસ કરીને પંચાયતોના સ્ત્રી હોદેદારો ઘરનો ઉંબર વળોટીને ગામચોરોના ઓટલે ચડવાનુ છે અને ગામના વિકાસના સુકાની બનવાનુ છે. તેમને ગામના વિકાસ યોજનામાં બહારથી મદદ મેળવવાની જરૂર જણાય ત્યાં તે માટે તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત કે યોગ્ય અધિકારીઓને મળીને તેમની વ્યવસ્થા કરવી પડશે.

પંચાયતી રાજયમાં થયેલા ૭૩માં સુધારા અને ૭૪માં સુધારામાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં મહિલાઓ માટે ૩૩% જગ્યાઓ અનામત રખાય છે. એટલે કે મહિલાઓમાં સતાની સહભાગી થવાની તક મળી છે. તદઉપરાંત સ્ત્રીઓને એ વાતનો અહેસાસ થઇ ચુકયો છે કે મહિલા સમાનતા સ્ત્રી કલ્યાણ, સ્ત્રી સુરક્ષા અને સમાન સામાજિક દરજ્જા જેવા માનવતાવાદી અધિકારોની પ્રાપ્તિ માટે સ્વબળે જ લડવુ પડશે. સ્ત્રીઓના વ્યાજ્બી અને ન્યાયીક અધીકારો માટે પુરુષો દ્વારા આજસુધી ઇરાદપુર્વક આંખ મિંચામણા કરાયા છે ત્યારે સ્ત્રીઓએ જ આ માટે જાગ્રુત બની ન્યાયિક લડત આપવી પડશે.

સમાજ અને રાષ્ટ્રમાં લિંગભેદને કારણે સ્ત્રીઓના વિકાસ રૂંધાય છે અને અસામનતા જોવા મળે છે. માટે સમાજમાં શાંતિની સ્થાપના માટે સ્ત્રીઓના અધિકારો અને તેમને સમાન દરજ્જો આપવો જ પડશે. મહિલાઓ દ્વારા જ સમાન ગૌરવની સ્થાપના કરી તેમને આત્મનિર્ણયના અધિકારો આપવા પડશે. માનવીય મુલ્યો સ્ત્રી અને પુરુષ બંને માટે સામાજિક , આર્થિક , રાજનૈતીક અને સાંસ્કૃતિક સ્તર પર સમાન

ગૌરવ આપવું પડશે. સ્ત્રી પુરુષની સમતોલ રાજનૈતિક ભાગીદારી વિના અધિકારોની પ્રાપ્તિ મહિલાની વ્યાજબી લડત કારગત નહીં નીવડે.

## પંચાતયતી રાજનું વિહંગાવલોકન:

પંચાયત એટલે પાંચ માણસો દ્વારા ચાલતો વહીવટ ગ્રામપંચાયતોનો ઇતિહાસ પ્રાચીન સમયથી જાણીતો છે. મનુસ્મૃતી, રામાયણ, મહાભારત, ઋગ્વેદ જેવા મહાન ગ્રંથોમાં ગ્રામસમાજની વ્યવસ્થાનો ઉલ્લેખ કરાયો છે. ભારતીય ઇતિહાસમાં વિભિન્ન જાતિઓ, સમુદાયો અને ગ્રામપંચાયતની પરંપરા જોવા મળી હતી. ગ્રામપંચાયતો સંપુર્ણ ગ્રામિણ જીવનશૈલીનુ અવિભાજય અંગ માનવામાં આવતુ હતું.

પંચાયતી રાજનો ઉદેશ ગામડામાં સાચી લોકશાહી સ્થપાય અને ગામડાના લોકો પોતાનો વહીવટ જાતે ચલાવે અને ગામડાના લોકોની મુશ્કેલીઓને સમજીને વિકાસ સાધવાનો છે. પંચાયતી રાજ ગામડાને સ્વશાસિત બનાવે છે. એનો ઉચીત અને વ્યવસ્થિત અમલ કરાય તો લોકશાહી જાળવણીનુ અગત્યનુ અંગ બનિ રહે. લોર્ડરિપને ૧૯૦૯માં સ્થાનિક સ્વરાજયની ચર્ચા કરી હતી. મહાત્માં ગાંધીજીએ ગ્રામપંચાયતોને જીવિત રાખવા ઉપર ભાર મુકયો હતો. સ્થાનીક સ્વરાજયની સંસ્થાઓ માટે ૧૮૬૨માં નગરપાલીકાઓની સ્થાપના કરવામાં આવી. ૧૮૬૯ માં બોમ્બે લોકલ ફંડ  ૧૮૮૯માં ગ્રામ સફાઇ ધારો પસાર કરવામાં આવ્યો તે પછી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ સ્થપાઇ. ૧૯૦૭માં શાહીપંચે વિકેન્દ્રીકરણ બાબતે દિશાસુચન કર્યુ. ૧૯૧૯માં નવું બંધારણ અમલ માં આવ્યુ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની જવાબદારી જે તે પ્રદેશને સોંપવામાં આવી. ૧૯૨૦માં મુંબઇ રાજયનો પ્રથમ ગ્રામપંચાયત ધારો અમલમાં આવ્યો. ૧૯૩૯માં નવીન પંચાયતધારામાં મતાધિકાર અને અન્ય સતાની વહેંચણી કરવામાં આવી. ૧૯૫૮માં મુંબઇ ગ્રામપંચાયતોના નવા અધિનિયમો બનાવ્યા જેના અભ્યાસ માટે બળવંતરાય મહેતા સમિતિની રચના કરી. આ સમિતિએ અભ્યાસ કરીને અનેક ભલામણો કરી. ૧૯૫૯માં પંચાયતી રાજની સ્થાપના થઇ. અને કાયદેસરની પંચાયતો અસ્તિત્વમાં આવી.

## ૭૩મો બંધારણીય સુધારો – મહિલાઓની રાજનૈતિક ભાગીદારી:

પંચાયતી રાજની સંસ્થાઓને સફળ કરવા માટે ગ્રામની જનતાની સેવા અને સાચા કાર્યોમાં ગામના લોકોને સતાધારી બનાવવા સમાજના બધા વર્ગો સ્ત્રી-પુરુષ બંનેની સક્રિય ભાગીદારીની વ્યવસ્થા સ્થાપિત કરવા માટે કાર્ય કરવામાં આવ્યુ છે. આ પ્રકારે ૭૩મા બંધારણીય સુધારાએ સ્થાનિક સ્વશાસનની સંસ્તથાઓને મહત્વ આપવામાં આવ્યું છે. છેલ્લા ધણા વર્ષોથી કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા પ્રયત્નો કરવામાં આવ્યા છે.

લોકશાહી વ્યવસથામાં ત્રિસ્તરીય શાસન વ્યવસ્થા (કેન્દ્ર, રાજય અને સ્થાનિય સ્તર)ને સફળ બનાવવા માટે ગ્રામિણ વિસ્તારોમાં ‘ સામાન્ય લોકોના હિતો ‘ ને ધ્યાનમાં રાખી ૭૩મો બંધારણીય સુધારા દ્વારા ગ્રામિણ વિકાસની વ્યવસ્થા કરવામાં આવી છે. એના સાથે સાથે ગ્રામિણ વિસ્તારોના વિકાસ અને રાજકીય પ્રક્રિયાથી વંચિત લોકો જેવા કે અનુસૂચિત જાતિ, જનજાતિ, અને મહિલાઓની બેઠકોની સુરક્ષા આપી. એની પ્રક્રિયાઓમાં સક્રિય ભાગીદારી લઇ શકે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. કેમ કે વિકાસ એક સંકુલ પ્રક્રિયા છે. આર્થિક વ્રધ્ધિ અને વધતિ સમ્રુધ્ધિનો લાભ સમાજ્ના દરેક સભ્યોને પ્રાપ્ત થવો જોઇએ. આ પ્રક્રિયાની અપેક્ષા એ રહી છે કે બધાને સારા જીવનની સુવિધાઓ જેવી કે રોટી, કપડા, મકાન, મકાન સ્વાસ્થય અને શિક્ષણની સુવિધાઓ, જાળવી જોઇએ તથા એની સાથે સાથે જીવન જરૂરીયાતો માટે સમાનતા મળવી જોઇએ તથા બધાને સામાજિક ન્યાય પ્રાપ્ત હોઇ શકે જેની આજસુધી સમાજમાં ઉપેક્ષા કરવામાં આવી છે. સામાજિક- આર્થિક સુખ ના લાભ માટે બધી અડચણો દુર થઇ જાય અને સમાજનો પ્રત્યેક નાગરીક સમાન અધિકારોના રૂપમાં ઉપલબ્ધ કરે. એના માટે સમાજે કે પ્રત્યેક નાગરિકને રાજક્રિય પ્રક્રિયામાં ભાગીદારીના મતે સમાન અવસર મળે , જેનાથી વિકાસ પ્રક્રિયાનુ આયોજન એનુ નિર્માણ, સંચાલન દ્વારા એની વ્યવસ્થા નીચેના સ્તરથી અર્થાત ગ્રામિણ સ્તર (Grass root) થી થાય જેનાથી ગ્રામનો વિકાસ સંભવ થાય.

૭૩માં બંધારણીય સુધારામાં એપ્રિલ ૧૯૯૪નો લાભ મેળવીને પંચાયતોમાં મહિલા સભ્યો અને સરપંચોને વિકાસ માટે અનેક કર્યો કરવાનો પ્રયાસ કર્યો છે. શૈક્ષણિક ક્ષેત્રમાં શાળાઓમાં મોટા ભવનો બનાવવાની વ્યવસ્થા પ્રાથમિક શાળામાં શિક્ષણ માટે છોકરા-છોકરીઓને સમાનતા રૂપથી શિક્ષણ આપવામાં આવે. એના માટે પ્રયત્નરૂપે વિધાલયોમાં છોકરીઓ અધવચે શિક્ષણ છોડી દેવાની સમસ્યાઓમાં નિરાકરણ મળે પ્રયાસ કરવામાં આવ્યો છે. ગામડાઓમાં પાણી પીવાની વ્યવસ્થા અલગ – અલગ જગ્યાએ

હેન્ડ પંપ, પાણીના બોર, પાણીની ટાંકી બનાવવામાં આવી છે. ગ્રામિણ જનતા માટે સામાજીક અને આર્થિક વિકાસ માટે વિધવા પેન્શન યોજના, કુંવરબાઇનુ મામેરું, ઇંદિરા આવાસ, મહિલાબેંકની સ્થાપના, મહિલા મંડળોની સ્થાપના, યુવામંડળોની સ્થાપના વગેરે કર્યો કરવામાં આવ્યા છે. પર્યાવરણની દૃષ્ટિએ સરકારી ગૌચરની જમીન ૨૦ થી ૩૦ એકર જમીનમાં વનીકરણ કરવામાં આવ્યા છે. સમાજકલ્યાણ વિભાગ દ્વારા 'સ્વરોજગારી યોજના' ની અંતર્ગત યુવાનો માટે સાઇકલો આપવામાં આવી છે.

આમ, ત્રિસ્તરીય પંચાયતી રાજની સંસ્થાઓ દ્વારા નઇ સ્થાનિય નેતૃત્વની શક્તિ મહિલાઓની અપેક્ષા ૭૩માં બંધારણીય સુધારાના દ્વારા કરવામાં આવી હતી. પણ તેના પર જોઇએ તેટલી અમલમાં નથી આવી જુદા જુદા સર્વેક્ષણો દ્વારા આ જાણકારી પ્રાપ્ત થઇ છે. ૭૩માં બંધારણીય સુધારાને ત્રિસ્તરીય પંચાયતીરાજમાં મહિલાઓ માટે ૩૩% બેઠકો સુરક્ષિત દ્વારા સતાના વિકેન્દ્રીકરણ કરવાનુ મહત્વપુર્ણ કાર્ય કર્યુ હતું. પરંતુ ઊંડા અધ્યયન દ્વારા જાણવા મળ્યુ કે મહિલાઓની સક્રિય ભાગીદારી વિકાસ કાર્યો કે ક્ષેત્રમાં વધારે નહિ કે સતાના ક્ષેત્રમાં અર્થાત વિકેન્દ્રીકરણ નહીં થયુ પણ મહિલાઓ માટે માત્ર કાર્ય કરવાનુ જ ભાગમાં આવ્યું છે.

**જે નીચેના મુદા દ્વારા સ્પષ્ટ થાય છે.**

૧. આ સુધારામાં ૩૩% બેઠકોની સુરક્ષિત મહિલાઓને આપવામાં આવ્યુ છે. પરંતુ ગ્રામપંચાયતોની બેઠકોના કોરમ પુરા કરવા મહિલા

સદસ્યની ઉપસ્થિતી આવશ્યક હોય , એવી વ્યવસ્થા કરવામાં નથી આવી. અર્થાત ગ્રામપંચાયતોની બેઠકોમાં ૧/૩ સભ્યો પુરુષ

હોય તો કોરમ પુરા માનવામાં આવે છે. એનો મતલબ એવો થયો કે મહિલા સભ્યોની ઉપસ્થિતીમાં બેઠકોનુ કોઇ મહત્વ નથી.

૨. એવી જ રીતે ગ્રામ સભાની બેઠક હોય ત્યારે એમાં પણ નિયુકત કરેલ મહિલા સભ્યો ૧/૪ મહિલાઓ ઉપસ્થિત હોય એવી કોઇ

વ્યવસ્થા કરવામાં આવી નથી. અર્થાત ગ્રામસભા ગ્રામપંચાયતોના કાર્યો તે નિયંત્રણમાં રાખવાનુ કાર્ય કરતી હોય. એમાં

મહિલાઓની ઉપસ્થિતી ન પન હોય તો પણ કાર્યવાહી કરી શકે છે. એનો મતલબ એ થયો કે મહિલાઓની રાજનૈતિક ભાગીદારીની

પ્રક્રિયામાં ભાગ લેવાની પૃષ્ઠભુમી જાણવી જોઇએ. એનાથી વંચીત રાખવામાં આવે છે. આનાથી નિયુકત મહિલાઓને કેટલીક અન્ય

સમસ્યાઓનો સામનો કરવો પડતો હોય છે. જે સંક્ષેક્ષણ નીચે પ્રમાણે છે.

- ગ્રામપંચાયતોમાં નિયુકત મહિલાઓમાં અશિક્ષિત હોય છે. જેના કારણે તેમને પંચાયતોની જુદી-જુદી કાર્યવાહીઓમાં અડચણો ઊભી થાય છે.
- પંચાયતોમાં નિયુકત મહિલાઓમાં રાજનૈતિક ઇચ્છાશક્તિ ની કમી હોય છે. જેના કારણે એમને રાજનૈતિક પ્રક્રિયા સમજવામાં વાર લાગે છે.
- સામાજિક અને કૌટુંબિક જવાબદારીઓ, રૂઢિઓ અને રીત-રિવાજોના કારણથી મહિલાઓની રાજનૈતિક ભાગીદારીમાં એમને અનેક સમસ્યાઓ

અને ચુનૌતિઓનો સામનો કરવો પડે છે.

ઉપર્યુકત ૭૩માં બંધારણીય સુધારાની ખામિઓ અને મહિલાઓની વિભિન્ન સમસ્યાઓને જોઇને એવું જાણવા મળે છે કે

મહિલાઓના સાચા અર્થમાં સતાનુ વિકેન્દ્રીકરણ કરવા માટે રાજનૈતિક ક્ષેત્રમાં એમની સક્રિય ભાગીદારી વધારવા માટે નિમ્નલિખિત મુદો પર

ઊંડાણપુર્વક ચિંતન કરી તેનો અમલ કરવો પડશે.

1. પંચાયતોની બેઠકોની કોરમ પુરી કરવા માટે નિયુકત મહિલાઓ માટે ૧/૩ બેઠકો આવશ્યક હોવી જોઇએ.
2. ગ્રામસભાની બેઠકોમાં કુલ સંખયાની ૧/૩ ભાગની મહિલાઓ હોવી જોઇએ. અને ત્યાં સરપંચ મહિલા હોવી જોઇએ. ગ્રામસભાની અધ્યક્ષ

   પણ મહિલા હોવી જોઇએ.

3. ગ્રામપંચાયતમાં આવેલ અધિકારીઓના વેતન પંચાયત જમાં કરવામાં આવે અને પંચાયતો દ્વારા તેમના વેતન આપવામાં આવે જેથી

   તેમના ઉપર પંચાયતનુ નિયંત્રણ રહે અને વિકાસના કાર્યો આસાનીથી થઇ શકે.
4. ગામની કુદરતી સંપતિ , જમિનની વહેંચણી પણ સરખી હોવી જોઇએ. તેથી ગ્રામપંચાયત જીવન – જરૂરીયાત બાબતમાં સ્વનિર્ભર બની શકે.

5. શિક્ષણનુ  કાર્ય ગ્રામપંચાયતના અધિકાર ક્ષેત્રમાં હોવું જોઇએ. વિધયાલયોના મકાનોથી લઇ શિક્ષકોની ભરતી અને તેમના વેતનનુ કામ

પંચાયતો દ્વારા થવું જોઇએ. જેથી શિક્ષકોની કાર્યક્ષમતાની વૃદ્ધીમાં વધારો કરવામાં પંચાયતો ભાગ લે.

6. મહિલાઓની રાજનૈતિક ઇચ્છાશક્તિ જાગૃત કરવા માટે જુદી-જુદી શિબિરો , સંમેલનોનુ આયોજન કરવું જોઇએ.

7. સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા તાલિમ વર્ગોનુ આયોજન કરવું જોઇએ. જેના વિશેષમાં નાણાના આયોજન માટે મહિલાઓને તાલીમ આપવી

જોઇએ.

8. કેન્દ્ર અને રાજ્ય સરકારની ગ્રામિણલક્ષી યોજનાઓની જાણકારી આપવા માટે મહિલા સરપંચો અને સભ્યો માટે સરકાર દ્વારા સંપુર્ણ

માહિતી મેળવવાની વ્યવસ્થા કરવી જોઇએ.

ઉપરથી જાણકારી મેળવીને લોકતાંત્રિક વ્યવસ્થામાં સતા વિકેન્દ્રીકરણ પર જવા માટે રજયનિતીના સ્થાન પ્ર લોકનીતીની સ્થાપના કરવા માટે જેમાં મહિલાઓ વધારેને વધારે સક્રિય થઇ રાજનૈતિક ભાગીદારીમાં કામ કરી શકે જેના માટે નીચે પ્રમાણે મુદાઓ ધ્યાનમાં રાખવા જોઇએ.

1. પંચાયતી રાજની ત્રિ-સ્તરીય સંસ્થાઓને લોકતંત્રની મુળભુત ફરજોની નહીં પરંતુ એમને મહત્વપુર્ણ સ્થાન રાજય અને કેન્દ્રના પ્રતિનિધિઓ

માટે હોવું જોઇએ.રાજય વિધાનસભા અને કેન્દ્રની પ્રતિનિધિ ચુંટવાનો અધિકાર પંચાયતીરાજની ત્રિ-સ્તરીય સંસ્થાઓના સભ્યો સરપંચો અને

અધ્યક્ષો હોવા જોઇએ.

2. વિધાનસભા અને સંસદના પ્રતિનિધિઓને ચુંટવા માટે જે યોગ્યતા આપવામાં આવી છે. એમાં પંચાયતીરાજની ત્રિ-સ્તરીય સંસ્થાઓમાં

સભ્યો, સરપંચો માટે ૫-૧૦ વરષનો અનુભવ હોવો જોઇએ. જેથી પ્રતિનિધિઓ માટે ગ્રામિણ સ્તરની સમસ્યાઓ પર એમને વિકાસ પ્રત્યે પુરુ

જ્ઞાન હોવું જોઇએ. જેથી તેમને નીચેથી ઉપર સુધીના સ્તર ટકી રહે.

3. વિકાસના કર્યો કરવા માટે કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા જે ગ્રાન્ટ (સંસદ અને વિધાનસભા સભ્યોને આપવામાં આવે છે.) વિકાસ સમિતિને

આપવામાં આવે છે. જેનાથી સંસદ સ્ભ્ય,વિધાનસભા સભય જેઓ તેમના ક્ષેત્રમાં ત્રિ-સ્તરીય પંચાયતી રાજની સંસ્થાઓના એક પ્રતિનિધિનુ

પ્રતિનિધિત્વ હોઇ શકે. જેના કારણે ગ્રાન્ટને ગ્રામવિકાસના કાર્યોમાં જરૂરી ઉપયોગ થઇ શકે અને ગામડાઓની પ્રાથમિક જરૂરીયાતો પુરી કરવા

માટે કાર્ય કરી શકે.

4. પંચાયતોમાં મહિલાઓ માટે ૩૩% બેઠકોના આરક્ષણ હેઠળ સંસદ અને વિધાનસભામાં મહિલાઓ માટે ૩૩% બેઠકો માટે આરક્ષણ મળવું

જોઇએ. આવી વ્યવસ્થા હોવાથી મહિલાઓની રાજનૈતિક વ્યવસ્થામાં સક્રિય ભાગીદારી પુર્ણતા પ્રાપ્ત થઇ છે.

પંચાયતી રાજ વ્યવસ્થાને ઘણી લાંબી સફળ કરવાની બાકી છે. જેના દ્વારા રજનૈતિક અનેર આર્થિક અધિકારોના વિકેન્દ્રીકરણની વિભાવનાને વિકસિત કરવામાં સહાયતા કરે. મહિલાઓ દ્વારા પંચાયતીરાજના સંચાલન વિકાસના કાર્યો સફળ બનાવવા વધુ ઝડપીવ કાર્ય કરે કેમકે મહિલાઓ તેમના કાર્યના પ્રતી જાગ્રત અને વફાદાર હોય છે. એના લીધે ગામડાઓના સ્વાસ્થય કેન્દ્રો, પ્રાથમિક, વિધયાલયો, પાનીની વ્યવસ્થા, ગ્રામસફાઇ, અને રોશનીના કાર્યના વહીવટ સારી રીતે કરી શકે.

સરકારે નબળા વર્ગની સ્ત્રીઓ માટે અનામતની શરૂઆત કરી છે તે ખરેખર આવકારદાયક છે જેમ-જેમ નબળા અને પછાત વર્ગની સ્ત્રીઓમાં અંદર એમના જાગશે તેમ તેમ વિકાસના કાર્યોમાં તેમની ભાગીદારી વધશે. આના માટે સરકારી અધિકારીઓ અને પદાધિકારીનો સહકાર જરૂરી છે. સરકારી તંત્ર નબળા વર્ગની સ્ત્રીઓને સમય-સમય પર લાભાન્વિ કરીને તેમની સમસ્યાઓનો ઉકેલ લાવવામાં મદદરૂપ બને ન્યાયસંગતના બક્ષે તો પંચાયતોમાં આદિવાસી હરિજન અને અન્ય પછાતવર્ગની સ્ત્રીઓ જરૂર આગળ વધી શકેશે.

# સંદર્ભસૂચિ


- શેઠ પ્રવીણ : પંચાયતી રાજ અને વિકાસ, પેજ નં.૪૮
- શાહ હરિલાલ : પંચાયતી રાજ પરિચય પુસ્તિકા પ્રવૃતી ૮૬૨, પેજ નં. ૩૦
- સરપંચ અંક-૭-વર્ષ-૩, એપ્રિલ – જુન-૧૯૯૮
- શાહ રમેશ મ.પ્રા.બલદેવ આગજા : ૭૩માં બંધારણીય સુધારા પક્ષ્વાદ ભારતમાં પંચાયતી રાજ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,

  અમદાવાદ-પ્રથમ આવૃતી – ૨૦૦૨